# રેલવે ફાઈનાન્સની સ્થિતિ હાલમાં ખરાબ

નવી દિલ્હી,તા. ૧

રેલવે આવનાર દિવસોમાં વધુ ખાનગી મૂડીરોકાણ મેળવે તેવી શક્યતા દેખાઈ રહી છે. રેલવે પ્રધાન મલ્લિકા અર્જુન ખરગે એવી ખાતરી આપી ચૂક્યા છે રેલવે સામે નાણાંની રહેલી કટોકટીથી યાત્રીઓની સુરક્ષાને કોઈ અસર થશે નહીં. યાત્રીઓની સુવિધા અને સલામતી માટે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. રેલવે સેક્ટરમાં વધુ વિદેશી મૂડીરોકાણ આવે તે પ્રકારના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. રેલવે ફાઈનાન્સની સ્થિતિ હાલમાં ખરાબ બનેલી છે. રેલવેમાં લોકપ્રિય પગલાંલેવાનો સિલસિલો જારી રાખવામાં આવ્યો છે. તેમને કબૂલાત કરી હતી કે રેલવે પ્રોજેક્ટો આડે મૂડીની તકલીફ રહેલી છે. મૂડીરોકાણકારો માટે પણ પડકારરૂપ સ્થિતિ સર્જાઈ છે. તેમણે એમ પણ કહ્યું છે કે ભાડા ઓછા હોવાના લીધે યાત્રી વર્ગમાં નુકસાન થઈ રહ્યું છે. પરંતુ એક દિવસમાં આ સ્થિતિમાં સુધાર થશે નહીં. ગરીબો ઉપર વધારે બોજ નાખવાની બાબત યોગ્ય નથી. રેલવે સામે ૪૦૦૦ કરોડની કિંમતની રેવેન્યુ અછત રહેલી છે. સુરક્ષા સાથે સંબંધિત કામગીરી ઉપર ખર્ચમાં કાપ મૂકવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમને કહ્યું હતું કે સુરક્ષા મુદ્દે કોઈ બાંધછોડ કરાશે નહીં. યાત્રીઓ અને નૂરની કમાણીમાં સુધાર થયો છે. બિનજરૂરી પ્રવૃત્તિ ઉપર કાપ મૂકવામાં આવશે. નવી રેલવે લાઈનોના નિર્માણ ઉપર વિચારણા ચાલી રહી છે. રેલવે દ્વારા ખાનગી



મૂડીરોકાણ માટે મહત્વકાંક્ષી ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યો છે. ખાનગી રોકાણકારોને આકર્ષિત કરવા આવનાર દિવસોમાં પગલાં લેવામાં આવશે. છત્તીસગઢમાં બે કોલકનેક્ટીવીટી પ્રોજેક્ટોને સંયુક્ત સાહસ મારફતે અમલી બનાવવામાં આવશે. પોર્ટ કનેક્ટીવીટી માટે ૩૮૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે જ્યારે કોલમાઈન કનેક્ટીવીટી માટે ૪૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે. આ ઉપરાંત આયર્ન ઓર માઈન્ડ કનેક્ટીવીટી માટે ૮૦૦ કરોડ રૂપિયા આગામી થોડાક વર્ષોમાં ઊભા કરવામાં આવશે. અમે પીપીપી મારફતે મુંબઈમાં ઈલીવેટેડ રેલ કોરીડોર ઉપર પણ કામ કરી રહ્યા છે. આ ઉપરાંત માધેપુરામાં ઈલેક્ટ્રી લોકોમોટીવ ફેક્ટરી માટે પણ બીડ આમંત્રિત કરવામાં આવ્યા છે.જ્યારે મરહોવાડ ખાતે ડીઝલ લોકોમોટીવ માટે પણ બીડ આમંત્રિત કરવામાં આવ્યા છે. રેલવે સ્ટેશન ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડની રચના કરવામાં આવી ચૂકી છે જેના ભાગરૂપે અતિ આધુનિક સુવિધાઓ રેલવે સ્ટેશન ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવશે. શોપીંગ મોલ, બજેટ હોટલોના નિર્માણની પણ યોજના છે. રેલવેની નાણાંકીય સ્થિતિને સુધારવા માટે પણ એફડીઆઈ પોલીસી ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે. વાણિજ્ય મંત્રાલયનો સંપર્ક આના માટે કરવામાં આવ્યો છે. એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં રેલવે મંત્રીએ શ્રેણીબદ્ધ મુદ્દા ઉપર વાત કરી હતી.

## સેબીના વડા તરીકે સિંહાની નિમણૂંક યોગ્ય છે : સુપ્રીમ

નવી દિલ્હી,તા. ૧

સુપ્રીમ કોર્ટે સેબીના વડા તરીકે યુકે સિંહાની નિમણૂંકને આજે યોગ્ય તરીકે ગણાવી હતી અને કહ્યું હતું કે આ નિમણૂંક સરકાર દ્વારા કાયદા મુજબ કરવામાં આવી છે. જસ્ટીસ એસએસ નિજ્જર અને પીસી ઘોસની બનેલી બેન્ચ દ્વારા સિંહાની નિમણૂંકને પડકારતી જાહેર હિતની અરજીને ફગાવી દીધી હતી અને



ઠેરવ્યું હતું કે જુદા જુદા આધારે આ અરજી સ્વીકારવાલાયક ન હતી પરંતુ આ અરજી પર સુનાવણી કરવાનો નિર્ણય કરાયો હતો કારણ કે નિમણૂંક ખુબ સિનિયર હોદ્દા માટે હતી જેથી અરજી પર સુનાવણી કરવામાં આવી છે. કોર્ટે અરૂણ કુમાર અગ્રવાલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. અગ્રવાલે સેબીના વડા તરીકે સિંહાની નિમણૂંકને પડકાર ફેંકીને ધારદાર રજૂઆત કરી હતી અને કહ્યું હતું કે સિંહાની નિમણૂંક કરતી વેળા કેટલાક ધારાધોરણના ભંગ કરવામાં આવ્યા હતા. ગેરરિતી પણ આંચરવામાં આવી હતી. અરજીદારે કહ્યું હતું કે સિંહા સેબી એક્ટની જુદી જુદી કલમોમાં નક્કી કરવામાં આવેલી શરતો પાળી શક્યા નથી. આ તમામ કારણોસર સિંહાની નિમણૂંકને પડકારવામાં આવી હતી.

## આધાર કાર્ડ ન હોવાની સ્થિતિમાં પણ એલપીજી સબસીડી મળશે

કોલકાતા,તા.૧

ઓઈલ કંપનીના ટોચના અધિકારીએ આજે માહિતી આપતા કહ્યુ હતુ કે તમામ એલપીજીના ગ્રાહકોને સબસિડી મળવાનું ચાલુ રહેશે. આધાર કાર્ડ સાથે જોડાયેલા નહીં હશે તો એલપીજીની સબસિડી જારી રાખવામાં આવશે. ઓઈલ કોર્પોરેશના કારોબારી ડિરેક્ટર અન્દ્રજીત બોસે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે એલપીજી સબસીડી આધાર કાર્ડ નહીં હશે તો પણ મળતી રહેશે. આધારકાર્ડ જરૂરી રહેશે તેવી અટકલોને તેઓએ ફગાવી દીધી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે એવા જ લોકોને સબસિડી મળશે જે લોકો પાસે આધારકાર્ડ રહેશે તેવી દહેશત આધાર વગરની છે જો કે બિનઆધાર સંબંધિત ગ્રાહકો માટે સબસિડીવાળા એલપીજી સિલિન્ડરોની વર્તમાન વ્યવસ્થા આગામી ત્રણ મહિના સુધી



જ માન્ય રહેશે. ત્યાં સુધીના ગાળામાં આધાર કાર્ડ મેળવવાની બાબત જરૂરી રહેશે. ઈન્ડિયન ઓઈલ પશ્ચિમ બંગાળમાં તમામ ઓઈલ પીએસયુ માટે કો ઓર્ડીનેટર તરીકે છે જેથી એચપી ગેસ અને બીપી ગેસના ગ્રાહકોને ચિંતા કરવા માટે કોઈ કારણ નથી. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા જાહેરાત આપીને હાલમાં જ વિગતો જાહેર કરાઈ હતી. કોલકાતા, હાવડા અને કુચબિહાર જિલ્લા માટે આધારકાર્ડ સાથે સંબંધિત એલપીજી સબસિડી લઈને હિલચાલ ચાલી રહી છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ આઘાત વ્યક્ત કર્યો હતો અને કહ્યુ હતુ કે હજુ સુધી માત્ર ૧૫થી ૨૦ ટકા ગ્રાહકોને જ આધારકાર્ડ મળ્યા છે. આઈઓસીના અધિકારી કહી ચુક્યા છે કે એલપીજી ડિસ્ટીબ્યુટર્સ સાથે સીબેડ કાર્ડનંબર અથવા તો સંબંધિત નંબર ધરાવતા ગ્રાહકોને તાત્કાલિક રાહત મળશે. સરકાર બેંક ખાતા સાથે એલપીજી ગ્રાહકોને જોડી દેશે. ગ્રાહકોને એક વર્ષમાં નવ સિલિન્ડર માટે ડિલિવરીના સમયે જ સબસિડી મળશે અને સબસિડીની રકમ હવે તેમના બેંક ખાતામાં સીધીરીતે જમા કરાશે.

## ભારત-ઓસ્ટ્રેલિયાની વચ્ચે આજે ફાઈટ ટુ ફિનિશ જંગ

**બેંગલોરમાં આવતીકાલે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સાત વન ડે મેચોની શ્રેણીની અંતિમ મેચ રમાનાર છે. આ મેચ બન્ને ટીમો માટે ફાઇટ ટુ ફિનિશ સમાન રહેશે. જેથી બન્ને ટીમો સંપૂર્ણ તાકાત મેચ પર લગાવે તેવી શક્યતા છે. નાગપુર ખાતે રમાયેલી છઠ્ઠી મેચ હાઇ સ્કોરિંગવાળી બની હતી. આ મેચમાં ૭૦૦ કરતા પણ વધારે રન ૧૦૦ ઓવરમાં બન્યા હતા. તે જોતા આવતીકાલની મેચ પણ જંગી જુમલાવાળી બને તેવી શક્યતા દેખાઇ રહી છે. બન્ને ટીમો બે મેચ જીતી ચુકી છે. જેથી મેચ નિર્ણાયક સાબિત થશે. ધોનીના નેતૃત્વમાં ટીમ ઇન્ડિયાના ખેલાડીઓનો નૈતિક જુસ્સો ખુબ ઉંચો દેખાઇ રહ્યો છે. કારણ કે છેલ્લી મેચ ૩૫૦ રનના લક્ષ્યાંકનો પીછો કરીને જીતી લીધી હતી. ટીમ ઇન્ડિયા તરફથી રોહિત શર્મા, વિરાટ કોહલી, શિખર ધવન અને કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની શાનદાર ફોર્મમાં છે. બીજી બાજુ ઓસ્ટ્રેલિય કેપ્ટન બેલી જોરદાર ફોર્મમાં છે. ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનો પણ ભારતીય બોલરો સામે છુટથી બેટિંગ કરી રહ્યા છે. તે જોતા મેચ બોલરો માટે પડકારરૂપ રહેશે. વિરાટ કોહલી અભૂતપૂર્વ ફોર્મમાં દેખાઈ રહ્યો છે આવી સ્થિતિમાં ટીમ ઇન્ડિયાની તકો પણ ઓસ્ટ્રેલિયા કરતા સારી છે પરંતુ ઓસ્ટ્રેલિયન ટીમને તાજેતરમાં જ અનુભવી ખેલાડીઓની ગેરહાજરીમાં પણ ભવ્ય દેખાવ કરીને ટીમ ઇન્ડિયા ઉપર દબાણ વધારી દીધુ છે. બન્ને ટીમો ટીમમાં કોઇ ફેરફાર કરે તેવી શક્યતા ઓછી દેખાઇ રહી છે.**

**ભારતીય ટીમ :** ધોની (કેપ્ટન), રવિચંદ્ર અશ્વીન, શિખર ધવન, રવિન્દ્ર જાડેજા, વિરાટ કોહલી, ભુવનેશ્વર કુમાર, અમિત મિશ્રા, મોહમંદ સામી, સુરેશ રૈના, રાયડુ, ઇશાંત, રોહિત શર્મા, જયદેવ ઉન્નાડકર, વિનયકુમાર, યુવરાજસિંહ **ઓસ્ટ્રેલિયન ટીમ :** જ્યોર્જ બેલી (કેપ્ટન), કોર્ટલ, દોહેર્ટી, ફોલ્કનર, ફર્ગુસન, એરોન ફિન્ચ, હેડીન, હેન્ડ્રીક્સ, યુઝ, જોન્સન, મકાય, મેક્સવેલ, વોગેસ, વોટ્સન

## તેંડુલકરના સન્માનમાં પોસ્ટર સ્ટેમ્પ જારી થશે

બેંગ્લોર,તા. ૧

માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન સચીન તેંડુલકરની ૨૦૦મી ટેસ્ટ મેચની ઉજવણી કરવા મુંબઈ ક્રિકેટ એસોશીએશન દ્વારા પણ વિશેષ તૈયારી કરવામાં આવી છે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ઉપર સચીન પોતાની ટેસ્ટ કેરિયરને અંતિમ અને ૨૦૦મી ટેસ્ટ મેચ રમનાર છે. આ ટેસ્ટ મેચ ૧૪મીથી ૧૮મી નવેમ્બર દરમિયાન રમાશે. ૨૮મી ઓક્ટોબરના દિવસે એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે સચીન આ સિમાચિહ્નરૂપી સિદ્ધિ મેળવે તે પહેલા તેની યાદમાં પોસ્ટર સ્ટેમ્પ જારી કરવામાં આવશે. ખાસ રજૂઆત દરમિયાન આ પોસ્ટર સ્ટેમ્પ જારી કરવામાં આવનાર છે. સચીનને માન આપવાનો આની પાછળ હેતુ રહેલો છે. બીજી બાજુ ઈડર્ન ગાર્ડન ઉપર પણ સચીનના સન્માનમાં વિશેષ કાર્યક્રમ યોજાશે. ઉપરાંત મુંબઈ ક્રિકેટ એસીશીએશન દ્વારા પણ ખાસ તૈયારી કરવામાં આવી ચૂકી છે.

## પટના બોંબ બ્લાસ્ટ : કુખ્યાત ત્રાસવાદી એનુલનું મોત થયું

પટના,તા. ૧

પટના બોમ્બ બ્લાસ્ટમાં સામેલ આતંકવાદી એનુલ ઉર્ફે તારીકનું ગુરુવારે મોડી રાત્રે હોસ્પિટલમાં મોત થઈ ગયું હતું. આની સાથે જ સિરીયલ બ્લાસ્ટ મામલામાં ચાલી રહેલી તપાસને પણ અસર થઈ શકે છે. કારણ કે આ આતંકવાદી પાસે ઘણી બધી માહિતી રહેલી હતી અને પોલીસ તેની તપાસમાં હતી. પરંતુ હાલમાં હાલત ગંભીર હોવાના કારણે તેની વધારે પૂછપરછ શક્ય બની ન હતી. એનુલ પટના જંકશન સંકુલ નજીક શોચાલયમાં બોમ્બ ટાઈમર ફીટ કરતી વેળા બ્લાસ્ટ થતાં ગંભીર રીતે ઘાયલ થયો હતો. ઈન્દીરા ગાંધી સંસ્થાનના તબીબ અરુણ કુમારે કહ્યું છે કે આતંકવાદી એનુલ ઉર્ફે તારીફનું મોત થઈ ગયું છે. એનુલના માથામાં ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદથી તેને ઈંદીરા ગાંધી સંસ્થાનમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ કુખ્યાત શખસ કોમામાં જતો રહ્યો હતો. અત્રે નોંધનીય છે કે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ૨૭મી ઓક્ટોબરના દિવસે યોજાયેલી હુંકાર રેલી વેળા સિરીયલ બ્લાસ્ટ થયા હતા. આ બ્લાસ્ટમાં છ લોકોના મોત થયા હતા અને અન્ય ૧૦૦ લોકો ઘાયલ થયા હતા. આ જ ગાળા દરમિયાન અન્ય એક આતંકવાદી શખસ ઈમ્યિતાઝને પણ પકડી પાડવામાં આવ્યો હતો. એક બ્લાસ્ટ સ્ટેશન ઉપર થયા બાદ મોદની રેલી દરમિયાન એક પછી એક છ બ્લાસ્ટ થયા હતા. જ્યારે અન્ય ૮૩ લોકો ઘાયલ થયા હતા.

## ડોલરની સામે રૂપિયો ૬૧.૭૩ની સપાટીએ

ડોલર સામે રૂપિયો આજે ૬૧.૭૩ની સપાટીએ રહ્યો હતો. બુધવારે રૂપિયો ૬૧.૪૯ની સપાટીએ રહ્યો હતો. રૂપિયો આજે સવારે ૬૧.૯૫ની સપાટીએ ખુલ્યો હતો અને એક વખતે ૬૧.૬૯ની સપાટી સુધી પહોંચ્યો હતો. રિઝર્વ બેંકે રૂપિયાને સ્થિર કરવા માટે હાલમાં શ્રેણીબદ્ધ પગલા લીધા હતા આ મહિનામાં રૂપિયામાં ૧.૮ ટકાનો સુધારો થઈ ચુક્યો છે. સપ્ટેમ્બર મહિનામાં રૂપિયામાં પાંચ ટકાનો સુધારો નોંધાયો હતો. બજારમાં નવી આશા જાગી છે. ભારતની નાણાકીય ખાદ્ય એપ્રિલ-સપ્ટેમ્બર મહિના દરમિયાન ૪.૧૨ ટ્રિલીયન રૂપિયા નોંધાઈ છે.

## વિગેરે... વિગેરે... (પાન.૨નું ચાલુ)

કે જશે એ તો યા તો સમય કહેશે યા તો સલમાન ખુદ.

સલમાન પોતાની મરજીથી આઉટ થઈ શકે એમ છે તો અમિતાભનું આઉટ થવાનું કારણ એનાથી થોડું ઉલ્ટું છે. બીગ બોસથી જરા જુદા પ્રકારની ચિંતાનો સામનો આજકાલ સોની અને કેસીબીના પ્રોડ્યુસરો કરી રહ્યા છે. ૬ સપ્ટેબરે અનેક નવી આશાઓ અને ઉત્કંઠા સાથે શરૂ થયેલા આ શો એ મહાનાયક અમિતાભના કરિશ્મા ના સહારે શરૂઆતમાં તો સારું કહી શકાય એવું ૪નું ઓપનીંગ મેળવેલું પરંતુ ઓકટોબરના ત્રીજા વિકના રેટિંગમાં એ સૌથી છેલ્લે આવી ગયું છે. આ સીઝનથી ૨૦૦ કરોડની આવક થવાની ધારણા રાખનાર સોની માટે આ સમાચાર અચાનક છે. ચેનલના અધિકારીઓ ના જણાવ્યા મુજબ શો અગાઉની કોઈપણ સીઝન કરતા જરા પણ ઉતરતો નથી પણ એની સતત ઘટતી લોકપ્રિયતાનું કારણ બીજી ચેનલો પર શરૂ થયેલા અને પોતાના તરફ દર્શકોને ખેચવામાં સફળ થયેલા અન્ય પ્રોગ્રામો છે. થાય છે એવું કે કેબીસીના વફાદાર દર્શકો નિયત સમયે શો ઓન તો કરે છે પણ ઘણા બધા શરૂઆતની અમુક મીનીટોમાં શું આવી રહ્યું છે અથવા શું ચાલી રહ્યું છે એ જોઈને બીજા પ્રોગ્રામો તરફ રીમોટનું બટન દબાવે છે ને અમુક દર્શકો જો વધુ ખેંચી કાઢે તો જાહેરાતના બ્રેકમાં ગુમ થયા પછી ફરીથી કેબીસી તરફ નથી આવતા. કદાચ દર્શકો કેબીસીમાં કઈક નવું માંગી રહ્યા છે. એકને એક ફોરમેટ અને ઓલમોસ્ટ એકસરખા ઉત્કંઠા પણ દર્શકોમાં દેખાતી નથી, કદાચ શો ના પી.આર. વર્કનો આ ફોલ્ટ છે એમ માની શકાય. સાથે સાથે ચેનલ તરફથી અપાયેલું એ કારણ પણ વ્યાજબી છે કે દર્શકો પાસે વિકલ્પો વધ્યા છએ અને એ વિકલ્પો ને પુરવાર કરતી સીરીયલો કે પ્રોગ્રામો એ જ સમયે કે કેબીસીની આસપાસના સમયમાં બીજી ચેનલો પર પુરબહારમાં ચાલી રહ્યા છે.

જો કે અગાઉથી જાહેરાતોનો કારાર કરી લેવાને લીધે ચેનલને કદાચ આવકમાં ફેર નહીં પડે પણ જે અમુક જાહેરાતકારો શો ની સફળતા પર જાહેરાતોનું સ્પોટ બુકીંગ કરાવતા હોય છે અને જેનો રેટ ઉંચો હોય છે એવી જાહેરાતો ચેનલને બહુ ઓછી મળતી થયેલ છે. જાહેરાતકારો રેટિંગના આધારે ક્યાં શો માં જાહેરાત આપવી એ નક્કી કરતા હોય છે. કેબીસીની કથળતી લોકપ્રિયતાને લીધે આવી રોકડી આવકમાં ચેનલને મોટું નુકશાન થઈ રહેલ છે. જો કે ચેનલ વાલાઓ અમુક શહેરોમાં કેબલ ઓપરેટરો સાથે થયેલા મતભેદને પણ રેટિંગની પડતીનું કારણ માને છે. આ બધાના અવલોકન અને ચિંતનના પ્રતાપે કેબીસીના મેકરો હવે શોમાં કઈક નવીન આપવાનો પ્રયત્ન કરવો પડશે એવું માનતા થયા છે. લીટલ વન્ડર ગુગલ બોય કોટીલ્યને કેબીસીમાં અપાયેલું આમંત્રણ આ દિશમાં પહેલું પગલું લાગે છે. પાવર પપલુ કે ફાસ્ટેસ્ટ ફિંગરની ૩ ટ્રાય અને અમિતાભ બચ્ચનની હાજરી હોવાથી કદાચ હજુ પણ રેટિંગમાં સુધારો આવી શકે છે એવો આશાવાદ સોની ને છે જ. પણ સોનીનું આ વિકમાં છઠ્ઠા સ્થાને સરકી જવું જ બતાવે છે કે અમિતનો કરિશ્મા ધીરે ધીરે ડાઉન થઈ રહ્યો છે. આફટર ઓલ જો શો ની સફળતા બચ્ચન ને હોય તો નિષ્ફળતા પણ એને જ મળે ને?

રીમાઈન્ડર :

આશિકી, સાજન, ફૂલ ઓર કાંટે જેવી અનેક સુપરહિટ ફિલ્મોમાં સમધુર સંગીત આપનાર સંગીતકાર બેલડી નદીમ-શ્રવણ ફરીથી એક થયા છે અને આ બંને ફરી એકવાર સાથે ગુડ્ડુ ધનોઆની 'દીવાના'માં સંગીત આપશે..

## માર્ગ અકસ્માતમાં ગુજરાત પોલીસના બે જવાનના મોત

ફિરોઝાબાદ,તા.૧

ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદ શહેરમાં આજે વહેલી પરોઢે માર્ગ અકસ્માતમાં ગુજરાત પોલીસની બોમ્બ નિકાલ ટુકડીના બે અધિકારીઓના મોત થયા હતા. જ્યારે અન્ય ચારને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યુંછે. આ અકસ્માત આજે વહેલી પરોઢે ૨.૪૫ વાગે બન્યો હતો. આ બનાવ સરસાગંજ પોલીસ સ્ટેશન હેઠળ નેશનલ હાઈવે ઉપર બન્યો હતો. આ પોલીસ જવાનો ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પટનાની યાત્રા પહેલાં એક મિની બસ મારફતે પટના તરફ જઈ રહ્યા હતા. નરેન્દ્ર મોદી ૨૭મી ઓક્ટોબરના દિવસે તેમની રેલી પહેલાં થયેલા શ્રેણીબદ્ધ બ્લાસ્ટમાં માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યોને મળવા પટના પહોંચ્યા છે ત્યારે આ બનાવ બન્યો હતો. મિની બસ અર્ધવચ્ચે એક જગ્યાએ માર્ગની બાજુએ પાર્ક કરવામાં આવી હતી ત્યારે જ ૨.૪૫ વાગે એક ટ્રકે ટક્કર મારી દીધી હતી. ત્યારબાદ ટ્રક ડ્રાઈવર ઘટના સ્થળથી ફરાર થઈ જવામાં સફળ થઈ ગયો હતો.

જો કે મોડેથી તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. આ અકસ્માતમાં માર્યા ગયેલા બે પોલીસ જવાનોની ઓળખ કરી લેવામાં આવી છે જેમાં એક ડ્રાઈવર અને કોન્સ્ટ્રેબલ ભાઈલાલ પટેલ અને જયરાજસિંહનો સમાવેશ થાય છે. અન્ય ચાર લોકોને ઘાયલ હાલતમાં ફિરોજાબાદની જિલ્લા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. પટનામાં રવિવારના દિવસે સિરીયલ બ્લાસ્ટ થયા બાદ ગુજરાત સરકારે તેમના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વધારાની સુરક્ષા આપવાના હેતુસર રાજ્યમાંથી વધુ પોલીસ જવાનો મોકલવાનો નિર્ણય કર્યો હતો. સિરસાગંજ પોલીસ સ્ટેશનના સ્ટેશન ઓફિસર ધીરજ પાલસિંહે માહિતી આપતા કહ્યું છે કે સમગ્ર મામલામાં ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે. અકસ્માતના બનાવથી ગુજરાત પોલીસમાં દિવાળીના તહેવારમાં આઘાતનું મોજું ફળી વળ્યું છે. આ બનાવ અંગે દુ:ખની લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

## ઇન્ટ્રા ડેમાં દિવાળીની તેજી બાદ ફ્લેટ સ્થિતિ જ રહી

મુંબઈ,તા.૧

શેરબજારમાં દિવાળીની તેજી આજે ઈન્ટ્રાડે દરમિયાન જોવા મળ્યા બાદ બજારમાં કારોબારના અંતે ફ્લેટ સ્થિતિ રહી હતી. સેન્સેક્સ ઈન્ટ્રાડેના કારોબાર દરમિયાન ઓલ ટાઈમ હાઈ સપાટી જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૩૨ પોઈન્ટ સુધરીને ૨૧૧૯૭ની સપાટીએ રહ્યો હતો. એક વખતે ૨૧૨૯૩ની સપાટી સુધી પહોંચ્યો હતો. બીજી બાજુ નિફટી આઠ પોઈન્ટ સુધરીને ૬૩૦૭ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. ૧૦મી જાન્યુઆરી ૨૦૦૮ના દિવસે સેન્સેક્સ ઈન્ટ્રાડે દરમિયાન ૨૧૨૦૭ની સપાટી પર પહોંચ્યો હતો. જ્યારે નિફટી ઈન્ટ્રાડે દરમિયાન ૬૩૩૩ની સપાટીએ પહોંચ્યો હતો. બજારમાં મોડેથી ઉદાસીનતા રહેતા ફ્લેટ સ્થિતિ જોવા મળી હતી. જાન્યુઆરી ૨૦૦૮ બાદથી ફાર્મા અને એફએમસીજી જેવા સેક્ટરોમાં તેજી નોંધાઈ ગઈ છે. ઓટોના શેર પણ સુધરી રહ્યા છે. જાન્યુઆરી બાદથી બેંચમાર્ક સેન્સેક્સને ઉંચી સપાટીએ લઈ જવામાં કેટલાક શેરોની મહત્વની ભૂમિકા રહી છે. એશિયન બજારમાં આજે મિશ્ર સ્થિતિ રહી હતી. સંઘાઈ કમ્પોઝિટમાં ૦.૩૭ ટકાનો સુધાર થયો હતો. જ્યારે હેંગસેંગમાં ૦.૧૯ અને નિક્કીમાં ૦.૮૮ ટકાનો સુધાર થયો હતો. સેન્સક્સના ટોચના શેરોમાં એસબીઆઈમાં ૪.૨ ટકા, એમએન્ડએમમાં ૪.૧ ટકાનો સુધારો થયો હતો. જિંદાલ સ્ટીલમાં ૩.૮ ટકાનો સુધાર થયો હતો. રિયાલિટી ઈન્ડેક્સમાં સૌથી તેજી જોવા મળી હતી. તેમાં ૨.૭ ટકાનો ઉલ્લેખનીય સુધારો રહ્યો હતો જ્યારે બેકેક્સ, મેટલ, ઓટો, પાવર અને કેપિટલ ગુડ્સમાં પણ તેજી જામી હતી. ફાઈનાન્સિયલ સેગમેન્ટમાં એસબીઆઈ, એચડીએફસી બેંક અને એચડીએફસીમાં સુધારો થયો હતો. બીએસઈ મિડકેપમાં ૧.૧૫ ટકા અને સ્મોલકેપમાં ૦.૭ ટકાનો સુધાર થયો હતો.

## સમાચાર ઝલક

- ♥ પટણા કાંડ માટે આઇએસઆઇએ નાણાં આપ્યાનો પર્દાફાશ.
- ♥ ભારતીય ખુબસુંદર પરી સૃષ્ટિ રાણાને 'મિસ એશિયા પેસિફિક'નો તાજ
- ♥ દિપોત્સવી પર્વનો ઝળહળતો પ્રારંભ
- ♥ સચિન તેંડુલકરને ડી.લિટની માનદ પદવી મુંબઇ યુનિવર્સિટી આપશે.
- ♥ સોમનાથ મંદિરનો પટાવાળો દાનપેટીમાંથી રોકડ ચોરતો રંગે હાથે ઝડપાયો.
- ♥ શાકભાજીના ભાવમાં તેજીથી લોકોની મુંઝવણમાં વધારો.
- ♥ ચોમાસામાં આ વર્ષમાં રેકોર્ડ બ્રેક કુલ ૧૦૩ દિવસ મેઘમહેર.
- ♥ દિવાળીની આતશબાજી માટે બજારમાં ૮૦ થી વધારે ફટાકડાંની આઇટમો ઉપલબ્ધ
- ♥ પારેખ કમિટીએ એલપીજી સિલિન્ડરમાં રૂપિયા ૨૫૦ નો વધારો કરવા ભલામણ કરી.
- ♥ યુરોપમાં મંદીના કારણે પહેલીવાર કાર કરતાં સાઇકલનું વેચાણ વધ્યું.
- ♥ ઉજ્જૈનમાં ૩૫ નર્સિંગની વિદ્યાર્થીનીઓ સાથે છેડતીની ઘટનાથી ખળભળાટ.
- ♥ સહકારી સંસ્થાઓ પણ માહિતી અધિકારના કાર્યક્ષેત્રમાં આવે.
- ♥ પાટણમાં સોની વેપારી પાસેથી ૬૫ લાખના દાગીના ભરેલી બેગની ચીલઝપટ.
- ♥ અમેરિકામાં સોલ્ટ લેકસિટીમાં ૭ બાળકોની માતા ૭૧ વર્ષની ઉંમરે બ્યુટી સ્પર્ધા જીતી.
- ♥ રાજકોટમાં કચરો વીણતી ૧૦ વ્યક્તિઓને ઝેરી ગેસની અસર.
- ♥ દિવાળી પર્વમાં ફર્નિચર-હોમ એપ્લાયન્સની ધૂમ ઘરાકી.
- ♥ ભારતમાં ૭૩ લાખ યુવતીઓ ૧૮ વર્ષ કરતાં ઓછી ઉંમરે માતા બને છે.
- ♥ ક્રિશ-૩ એક સાથે ૪૦૦૦ સ્ક્રીન પર રજૂ થશે.
- ♥ વ્યાપાર કરવા મામલે વર્લ્ડ બેંકની યાદીમાં ૧૩૪માં ક્રમે ભારત.